# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

"સુડાભવન", ત્રીજો માળ, વેસુ-આભવા રોડ, વેસુ, સુરત.

ફોન નં. (૦૨૬૧) ૨૫૦૦૦૬૭, ૬૮, ૯૧

ઇ મેઇલ એડ્રેસ-stptech-suda-srt@gujrat.gov.in    વેબ સાઇટ : http:\\www.sudaonline.org


નં.સુડા/યુ-૩/પરિપત્ર/૮-૨૬/૨૦૨૫    તા.૧૭/૦૧/૨૦૨૫

<u>વંચાણે લીધુ :</u>

- સુરત શહેરી વિકાસ સત્તામંડળ, બોર્ડ બેઠક નં. ૨૬૫, તા.૦૬/૦૧/૨૦૨૫, ઠરાવ ક્રમાંક:૩૪૬૦

સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૧/૨૦૨૫ ની બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક:૩૪૬૦ થી નોન ટી.પી.વિસ્તારમાં પ્લોટ વેલીડેશન મેળવવા અરજદારશ્રીઓ દ્વારા સુડા કચેરીમાં કરવામાં આવતી અરજીઓ માટે ફી નું ધોરણ તથા પ્લોટ વેલીડેશન સર્ટીફીકેટ બાબતે સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે. સદર ઠરાવની જોગવાઇ અનુસાર નીચે મુજબ કાર્યવાહી કરવા આથી પરિપત્ર કરવામાં આવે છે.

## પરિપત્ર

૧. નોન ટી.પી.વિસ્તાર માટે પ્લોટ વેલીડેશન સર્ટીફીકેટની સમયમર્યાદા પ્લોટ વેલીડેશન સર્ટીફીકેટ ઇસ્યુ થયા તારીખથી એક વર્ષની રહેશે.

૨. નોન ટી.પી.વિસ્તાર માટે પ્લોટ વેલીડેશન સર્ટીફીકેટ ઇસ્યુ થયા તારીખથી અરજદારશ્રી દ્વારા એક વર્ષની સમયમર્યાદામાં વિકાસ પરવાનગી અર્થે અરજી કરવાની રહેશે.

૩. નોન ટી.પી.વિસ્તાર માટે પ્લોટ વેલીડેશન સર્ટીફીકેટની અરજી ફી ની રકમ નીચેના પત્રક મુજબ વસુલ લેવાની રહેશે તથા અરજી ફી ની રકમ પરત મળવાપાત્ર રહેશે નહી.

| અ.નં. | ક્ષેત્રફળ ચો.મી. (૭/૧૨ મુજબ) | પ્લોટ વેલીડેશન સર્ટીફીકેટ મેળવવા માટેની અરજી ફી |
|---|---|---|
| ૧ | ૦ થી ૫૦૦૦ ચો.મી. | રૂ.૧૦,૦૦૦/- |
| ૨ | ૫૦૦૧ થી ૧૫૦૦૦ ચો.મી. | રૂ.૨૦,૦૦૦/- |
| ૩ | ૧૫૦૦૦ થી વધુ ચો.મી. | રૂ.૩૦,૦૦૦/- |

નોન ટી.પી.વિસ્તારના પ્લોટ વેલીડેશન સર્ટીફીકેટ માટેની તમામ અરજીઓ માટે ઉપરોક્ત મુજબ કાર્યવાહી કરવા તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીને જણાવવામાં આવે છે.

(નોંધ પર માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીની મંજુરી મુજબ)

પ્રવર નગર નિયોજક<br>સુરત શહેરી વિકાસ સત્તામંડળ<br>સુરત.

<u>નકલ રવાના :</u>

તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રી પ્રતિ પરીપત્રની જોગવાઇ અનુસાર અમલવારી સારૂ.

<u>નકલ સવિનય રવાના :</u>

અધિક મુખ્ય નગર નિયોજકશ્રી, સુડા, પ્રતિ જાણ સારૂ.